# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-02-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CABINET RAGHAVJI PATEL

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે રાજ્યના 3 લાખ 73 હજાર ખેડૂતોએ મગફળીના વેચાણ માટે નોંધણી કરાવી હતી. આજે મળેલી કેબિનેટની બેઠક બાદ શ્રી પટેલે જણાવ્યું કે સરકાર દ્વારા સાડા ત્રણ લાખ ખેડૂતોની મગફળીની ખરીદી કરવામાં આવી છે. આ અંગે વધુ માહિતી આપતા શ્રી પટેલે આ મુજબ જણાવ્યું..

(બાઇટ: રાઘવજી પટેલ, કૃષિ મંત્રી )

. . . . . . . . . . . .

# UCC-RC KODEKAR

રાજ્યમાં સમાન નાગરિક સંહિતા-UCCની આવશ્યકતા ચકાસવા માટે પાંચ સભ્યોની સમિતિની રચના કરી છે. જેમાં એડવોકેટ આર સી કોડેકરનો પણ સમાવેશ કરાયો છે. તેઓએ UCC અંગે જણાવ્યું કે આ ધર્મને લગતો નહીં પણ ભારત દેશને લગતો વિષય છે. તેઓએ ઉમેર્યું કે સમાન નાગરિક સંહિતાથી જુદા જુદા સમાજને લાભ થશે અને મહિલાઓનું શોષણ અટકશે.

(બાઇટ: આર સી કોડેકર, સભ્ય, UCC સમિતિ )

. . . . . . . . . . . .

# INDIAN CITIZENS

અમેરિકામાંથી પરત કરાયેલા 205 ભારતીયોને લઈ અમેરિકન એરફોર્સનું C-17 વિમાન પંજાબના અમૃતસર પહોંચી ચૂક્યું છે. જેમાં 33 ગુજરાતીઓને અમૃતસર હવાઈમથકથી અમદાવાદ લવાશે. જેને લઈને અમદાવાદ પોલીસને એલર્ટ કરવામાં આવી છે. આ ગુજરાતીઓમાં  અમદાવાદ, મહેસાણા, ગાંધીનગર, સુરત, વડોદરા, પાટણ સહિતના નાગરિકોનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . .

# LOCAL BODIES ELECTIONS

રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓમાં જૂનાગઢ મહાનગરપાલિકાની પણ સામાન્ય ચૂંટણી યોજાઈ રહી છે. ગઈકાલે આ ચૂંટણી માટે ઉમેદવારી પત્ર પરત ખેંચવાની છેલ્લી તારીખ હતી. જુનાગઢ મહાનગરપાલિકાના 15 વોર્ડની 60 બેઠકમાંથી આઠ બેઠકો પર ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે. ભાજપ, કોંગ્રેસ, આમઆદમી પાર્ટી અને અપક્ષ ઉમેદવાર સહિત કુલ 161 ઉમેદવારો મેદાનમાં છે.

આ તરફ ભાવનગરની માંગરોળ નગરપાલિકાના વોર્ડ નંબર-5માં ભારતીય જનતા પાર્ટીની આખી પેનલ બિનહરીફ વિજેતા થઈ છે.

. . . . . . . . . . . .

# Sabarkantha Collector

સાબરકાંઠા જિલ્લાના કલેકટર અને મેજિસ્ટ્રેટ તરીકે  લલિત નારાયણ સિંગ સંધુએ આજે વિધિવત રીતે ચાર્જ સંભાળ્યો છે.

લલિત નારાયણ સિંગ સંધુ 2015 ની કેડરના આઈએએસ અધિકારી છે. મૂળ રાજસ્થાનના વતની એવા લલિત નારાયણ B. E. PGDMની પદવી ધરાવે છે. આ અગાઉ તેઓ સમગ્ર શિક્ષા અભિયાન ગાંધીનગર ખાતે સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર તરીકે  ફરજ બજાવતા હતા.

. . . . . . . . . . . .

# Dang Collector Retired

ડાંગમાંથી વિદાય લઈ રહેલા કલેક્ટર મહેશ પટેલ, તેમજ નિવાસી અધિક કલેક્ટર બી.બી.ચૌધરીને જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા વિદાયમાન આપવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, મહેશ પટેલને નાણાં વિભાગમા સેક્રેટરી, તેમજ બી.બી.ચૌધરીને પોરબંદર જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી તરીકેની નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે.

. . . . . . . . . . . .

# AHMEDAVAD POST PENSION ADALAT

અમદાવાદના ખાનપુરમાં આવેલી મુખ્ય પોસ્ટ જનરલની કચેરી ખાતે પેન્શન અદાલતનું આયોજન કરાયું છે. આગામી 13 ફેબ્રુઆરીએ સવારે 11 કલાકે યોજાનાર આ અદાલતમાં નીતિ વિષયક મુદ્દાઓ સિવાયના પોસ્ટલ પેન્શનને સંબંધિત ફરિયાદોનો નિકાલ કરાશે.

મહત્વનું છે કે જે મુદ્દા રિજિયોનલ પેન્શન અદાલતમાં સાંભળવામાં આવેલા પરંતુ નિવારણ થયેલું ન હોય તેવા મુદ્દાઓને આ પેન્શન અદાલતમાં સાંભળવામાં આવશે અને નિવારણ લાવવામાં આવશે. ત્યારે આ અદાલતમાં રજૂ કરવાની ફરિયાદો આસિસ્ટન્ટ ડાયરેક્ટર પોસ્ટલ સર્વિસીઝ-7, એકાઉન્ટ અને પેન્શન વિભાગ, મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલની કચેરી ખાનપુર અમદાવાદને આવતીકાલ સુધીમાં મળી જાય તે રીતે મોકલવા અખબારી યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . .

## UNJHA KAPAS

ઊંઝા નજીક આવેલા ઉનાવા માર્કેટયાર્ડમાં દરરોજ કપાસની આઠ ગાડીઓની આવક થઈ રહી છે. મણનો સરેરાશ ભાવ રૂપિયા 1400 સુધીના જોવા મળી રહ્યા છે, જ્યારે સૌથી નીચો ભાવ એક હજારનો ચાલી રહ્યો છે.

પોષણક્ષમ ભાવ મળતા ખેડૂતો માં ખુશી જોવા મળી રહી છે. કપાસની આવક એપ્રિલ મહિના સુધી ચાલુ જ રહેશે.

. . . . . . . . . . . .

## DANG - SHIBIR

ડાંગ જિલ્લાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવાના એન.એસ.એસ. વિભાગ દ્વારા 7 દિવસીય ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. માજી ધારાસભ્ય અને જિલ્લા સદસ્ય મંગળભાઇ ગાવિતે આ ખાસ શિબીરનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મંગળભાઈ ગાવિતે પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવી પર્યાવરણ બચાવવા વિદ્યાર્થીઓને આહવાન કર્યું હતું. તેમજ રંભાસ ગ્રામ પંચાયતના સરપંચ સ્મિતા ચૌધરીએ વિદ્યાર્થીઓને ગ્રામ્ય જીવનનો ખ્યાલ આપી ગામમાં એન.એસ.એસ. દ્વારા જુદી જુદી પ્રવૃતિઓ કરી લોકોને વિવિધ વિષયો બાબતે જાગૃત કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

. . . . . . . . . . . .